**અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

**આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારો માટેની ૧૦ ટકા જગ્યાઓ અનામત રાખવા અંગેના સરકારશ્રીનાં નિર્ણય અન્વયે**

**ઓનલાઇન અરજીઓના રજીસ્ટ્રેશન માટેની સુધારા જાહેરાત**

અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના નિયંત્રણ હેઠળ જુદા-જુદા જિલ્લાની વિભાગીય કચેરીઓની વનરક્ષક સંવર્ગ, વર્ગ-૩ ની કેટેગરી વાઈઝ કુલ-૩૩૪ (ત્રણસો ચોત્રીસ) જગ્યાઓ સીધી ભરતીથી ભરવા જાહેરાત ક્રમાંકઃFOREST/201819/1, તા.૦૬-૧૧-૨૦૧૮ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. જે અન્વયે સ્પર્ધાત્મક/ શારીરિક ક્ષમતા કસોટી પરીક્ષા યોજીને મેરીટના ધોરણે પસંદગી યાદી - પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજી પત્રકો મંગાવવામાં આવેલ હતા. ત્યારબાદ સરકારશ્રીના ઠરાવથી આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો માટે સીધી ભરતીની જગ્યાઓમાં ૧૦ ટકા જગ્યાઓ અનામત રાખવાની નીતિ સંબંધે સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે મુળ જાહેરાતમાં સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે જેમની અરજી કન્ફર્મ થયેલ છે તેવા ઉમેદવાર કે જેમને હાલ આર્થિક રીતે નબળા વર્ગનો લાભ મળવાપાત્ર હોય અને તેનો લાભ લેવા માંગતા હોય તેવા ઉમેદવારો માટે તા.૧૬-૦૨-૨૦૨૨ (બપોરના ૧૪:૦૦) થી તા.૨૫-૦૨-૨૦૨૨ (સમય રાત્રીના ૨૩:૫૯ કલાક) સુધીમાં ઉમેદવારોએ OJAS ની વેબસાઇટ https://ojas.gujarat.gov.in પર ઓનલાઇન સુધારા અરજી કરવા Window Open કરવામાં આવનાર છે. જેમાં તેઓએ સુધારા અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે વન વિભાગની વેબસાઇટ https://forests.gujarat.gov.in અને OJAS ની ઉક્ત વેબસાઇટ પર મુકવામાં આવેલ વિગતવાર જાહેરાત જોઇ લેવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે આ ભરતી માટે સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન તા.૨૭/૦૩/૨૦૨૨ ના રોજ હાથ ધરવામાં આવનાર છે જે પણ ધ્યાને લેવા વિનંતી છે.

તા. ૧૦-૦૨-૨૦૨૨

સ્થળઃ ગાંધીનગર

અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
વહીવટ અને આઇ.ટી.
ગુજરાત રાજય, ગાંધીનગર